# મોગરના ઈન્સ્ટિ. ઓફ ટેકનોલોજીને નવીન પ્રોજેક્ટ માટે ગ્રાન્ટ



આણંદ, તા. ૧૬

આણંદ તાલુકાના મોગરમાં આવેલ ડૉ. જીવરાજ મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના સિવિલ ડિપાર્ટમેન્ટને એસએસઆઈપી-જીટીયુ દ્વારા રૂા. ૨૬,૨૧૧ની ગ્રાન્ટ આપવામાં આવી હતી. વિદ્યાર્થી સિદ્ધાર્થ ગોસ્વામીને નવીન પ્રોજેક્ટ "તૈયાર મિશ્રણ કોંક્રિટ (ઈકો ફ્રેન્ડલી ગ્રીન કોંક્રિટ)" પર કામ કરી રહ્યા છે અને ડીજેએમઆઈટીના ફેકલ્ટી રિસર્ચ ટીમની મદદની તેની વિગતો જીટીયુ-એસએસઆઈપીને સુપરત કરવામાં આવી હતી. જીટીયુના જીઆઈસી અને એસએસઆઈપી સેલે તેના પ્રોજેક્ટના વિકાસ માટે ગ્રાન્ટની મંજૂરી આપી હતી.

આ પ્રસંગે ડીજેએમઆઈટીના ચેરમેન નરેન્દ્ર શ્રીમાળી, ડિરેક્ટર સંજય શ્રીમાળી અને આચાર્ય ડૉ. બી.આર.પારેખે ફેકલ્ટી રિસર્ચ ટીમ (પ્રો સમર્થ નાયક) અને પ્રો. હિરેન તલાટી (વડા-સિવિલ વિભાગ), ને ગ્રાન્ટ મેળવવા બદલ શ્રેષ્ઠ શુભેચ્છાઓ પાઠવી હતી.